જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૦૭/૦૯/૨૦૧૭ ગુરૂવાર

અમદાવાદ શહેર પોલીસ સમાચાર

નશાબંધી તથા જુગારધારા હેઠળ ઝડપાયા :- સમાચાર યાદી નં.૧૮૦૨/૧૭

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ૫૨ કેસ કરી, ૫૦ વ્યક્તિઓને ઝડપી, ૧૯૮ લીટર દેશી દારૂ, ૩૩ બોટલ ઇંગ્લીશ દારૂ અને ૦૧ એક્ટીવા કબજે કરી હતી. તેમજ જુગાર ધારા હેઠળ ૦૧ કેસ કરી ૦૧ વ્યક્તિને ઝડપી રોકડ રૂપિયા ૧,૧૨૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ- સમાચાર યાદી નં.૧૮૦૩/૧૭

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ કુલ ૧૪૫ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી ૯૩ મુજબ ૦૯ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

**ઘરફોડ ચોરીઃ- સમાચાર યાદી નં.૧૮૦૪/૧૭**

કૃષ્ણનગર : પરેશભાઇ ધરમશીભાઇ દેસાઇ (રહે, શ્રીરામ પાર્ક સરદારચોક ઇસનપુર) એ કૃષ્ણનગર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૫/૯/૧૭ સાંજનાં ૬/૩૦ થી તા.૬/૯/૧૭ સવારનાં ૭/૦૦ સુધીનાં સમયગાળા દરમ્યાનસેજપુર પોસ્ટ ઓફીસનુ તાળુતોડી, અજાણી વ્યક્તિ અંદર પ્રવેશ કરી, પોસ્ટ ઓફીસમાંથી સરકાર તરફથી ઇશ્યુ કરેલ સેમસંગ જે-૨ કંપનીના મોબાઇલ ફોન નંગ-૧૦ કુલ કિંમત રૂપિયા ૮૦,૦૦૦/- મતાનાં ચોરી કરી લઇ ગઇ છે. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી એ.એસ.અસારી ચલાવે છે.

**ચોરીઃ- સમાચાર યાદી નં.૧૮૦૫/૧૭**

ખોખરા : સામજીભાઇ ડાહ્યાભાઇ નારોલા (ઉ.વ.૬૧)(રહે,મહાશક્તિ સોસાયટી, નુતન હાઇસ્કૂલની બાજુમા ભાઇપુરા ખોખરા) એ ખોખરા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૬/૯/૧૭ બપોરનાં ૩/૧૫ વાગ્યાનાં સુમારેખોખરા નુતન હાઇસ્કૂલના દરવાજા આગળ રોડ પરથી પસાર થઇ રહ્યા હતા દરમ્યાન એક અજાણ્યો એક્ટીવા ચાલક (૨૫ થી ૨૭ વર્ષના આશરાનો) સામજીભાઇની નજર ચુકવી તેમનાં ખિસ્સામાંથી રોકડ રૂપિયા૫૦,૦૦૦/- ચોરી કરી લઇ ગયો છે. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી સી.આર.સોલંકી ચલાવે છે.

સરદારનગર : પ્રશાંતભાઇ મગનભાઇ મકવાણા (રહે,હરિ ઓમ સોસાયટી, રઘુનાથ સ્કુલની પાસે બાપુનગર) એ સરદારનગર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૬/૯/૧૭ બપોરનાં ૧/૪૫ થી ૩/૦૦ વાગ્યા દરમ્યાન ભદ્રેશ્વર સ્મશાન ગૃહ પાસે પાર્ક કરેલ પ્રશાંતભાઇની એક્ટીવાની ડેકી તોડી, અજાણી વ્યક્તિ ડેકીમાંથી મોબાઇલ ફોન નંગ-૫ કુલ કિંમત રૂપિયા ૩૨,૯૯૮/- તથા રોકડ રકમ મળી કુલ રૂપિયા ૩૭,૬૪૮/- મતાની ચોરી કરી લઇ ગઇ છે. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી હાંસોલ ચોકી ચલાવે છે.

**સોનાનો દોરો ઝુંટવી લઇ ગયા :-** **સમાચાર યાદી નં.૧૮૦૬/૧૭**

**ઘાટલોડીયા :** જીગ્નેશભાઇ જીતેન્દ્રકુમાર શાહ (ઉ.વ.૪૦)(રહે,અનુપમ સોસાયટી, ચાર રસ્તા પાસે, નારણપુરા) તા.૬/૯/૧૭ નાં કલાક ૦૭/૦૦ વાગ્યાના સુમારે શ્રધ્ધાદિપ કોમ્પલેક્ષમાં શ્રીજી ડેરીની બાજુમા પાર્કીંગવાળી જગ્યામાં પોતાનુ એકટીવા પાર્ક કરી, એક્ટીવાની ડેકીમાથી ગ્રાહકના ઓડરની સોનાની અમેરીકન ડાયમંડની ચેઇન કિંમત રૂપીયા ૮૦,૦૦૦/- મતાની બહાર કાઢી હાથમા લઇ એક્ટીવાની ડેકી બંધ કરતા હતા દરમ્યાન એક મોટર સાયકલ ઉપર આવેલ બે પુરૂષ જીગ્નેશભાઇનાં હાથમાંથી સોનાની ચેનવાળુ બોક્ષ ખેંચી લઇ નાસી ગયા હતા. આ અંગેની ફરીયાદ જીગ્નેશભાઇ શાહે ઘાટલોડીયા પોલીસ સ્ટેશન ખાતે નોધાવી છે. આ ગુનાની તપાસ મ.સ.ઈ.શ્રી કમલેશભાઇ કાળાભાઇ ચલાવે છે.

**સાપ કરડતાં મૃત્યુઃ** **સમાચાર યાદી નં.૧૮૦૭/૧૭**

**ગુજરાત યુનિવર્સીટી:** દેવપ્રસાદ દેવલાલ ગૌડ(ઉ.વ.૨૦)(રહે,સમરસ ગર્લ્સ હોસ્ટેલ, ગુજરાત યુનિ કેમ્પસ, પસોરી કન્સલ્ટંટની નવી સાઈટ ઉપર) તા.૨૮/૮/૧૭ ના કલાક ૩/૦૦ વાગ્યાના સુમારે ગુજરાત યુનિકેમ્પસમા નવી બનતી બિલ્ડીંગવાળી જગ્યાએ રાતના સુઈ ગયેલ જેને સર્પ ડંખ મારતા તેમના શરીરે અસર થતા, સિવીલ હોસ્પીટલમા ટ્રોમા ICU માં દાખલ કરેલ. જેઓનુ સારવાર દરમ્યાન તા.૫/૦૯/૧૭ સાંજનાં ૫/૪૫ વાગે મૃત્યુ નિપજ્યુ હતુ આ અંગે ગુજરાત યુનિવર્સીટી પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ પો.સ.ઇ.શ્રી કે.એચ.ચૌધરી ચલાવે છે.

**દાઝી જતાં મૃત્યુઃ** **સમાચાર યાદી નં.૧૮૦૮/૧૭**

**વાસણા :** તનુબેન વા/ઓ વિજયભાઈ વાઘેલા (ઉ.વ.૨૭)(રહે,સોરાઈનગર ગલી નં-૭ વાસણા) તા.૫/૯/૧૭ ના કલાક ૮/૩૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે બાળકો માટે પ્રાઈમસ ઉપર મેગી બનાવતા હતા દરમ્યાન પ્રાઈમસમાં હવા ભરતા કેરોસીનની છેડ ઉડતા, પહેરેલ કપડામાં આગ લાગતાં, તનુબેન શરીરે ગંભીર રીતે દાઝી ગયા હતા સારવાર અર્થે તેમને વા.સા.હોસ્પીટલમાં લાવતાં તા.૬/૯/૧૭ નાં કલાક ૪/૩૦ વાગે ફરજ પરના ડો.શ્રી એ તેમને મૃત જાહેર કર્યા હતા આ અંગે વાસણા પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ પો.સ.ઇ.શ્રી ડી.એસ.ઈસરાણી ચલાવે છે.

**<u>આત્મહત્યાઃ-</u>** **<u>સમાચાર યાદી નં.૧૮૦૯/૧૭</u>**

**વટવા :** જયોતિષકુમાર સ/ઓ જીતેન્દ્રભાઇ યાદવ (ઉ.વ.૨૦)(રહે,કૈલાશનગર બીબી મરીયમની દરગાહ સામે બચુભાઇનો કુવો વટવા) એ કોઇ અગમ્ય કારણસર તા.૦૬/૯/૧૭ સાંજનાં ૫/૩૦ વાગ્યા પહેલાં કોઇપણ સમયે પોતાના ઘરે છતની લોખંડની પાઇપ સાથે ખાટલાની પાટી બાંધી ગળેફાંસો ખાઇ આત્મહત્યા કરી લીધી હતી. આ અંગે વટવા પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો.શ્રી રમેશભાઇ મુળજીભાઇ ચલાવે છે.

નાયબ પોલીસ કમિશનર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી.